જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૧૨/૨૦૧૬ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૨૭૫/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૮ કેસ કરી, ૮ વ્યક્તિઓને ઝડપી ૩૪૨ લીટર દેશી દારૂ, ૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૯ બિયર ટીન અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૫ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૨૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૨૭૬/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૭૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૨૨૭૭/૧૬

**ક્રાઈમ બ્રાન્ચઃ** જયાલક્ષ્મી સુબ્રમણ્યમ દ્રોણમરાજુ (ઉ.વ.૫૩) (રહે. આગમન રેસીડેન્સી, કઠવાડા રોડ, મુક્તિધામ પાસે, નરોડા) એ તા.૮/૧૨/૧૬ નારોજ ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે આજથી ચાર માસ પહેલાંથી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન ઈન્ટરનેટના માધ્યમથી આરોપી (૧) ઓસ્ટીન ગોડવીન (રહે. લંડન) અને (૨) જાનવી શર્મા એ ભેગા મળી જયાલક્ષ્મી સાથે ફોન ઉપર મિત્રતા કરી ગીફટ લઇ ભારત આવવાનું જણાવી તેઓના અન્ય સાગરીત જાનવી શર્મા મારફતે દિલ્હી એરપોર્ટના કસ્ટમ વિભાગમાંથી બોલુ છુ તેવો ફોન કરી જુદી જુદી પ્રોસીજર રૂપે જયાલક્ષ્મી પાસેથી અલગ અલગ ખાતામાં રૂપિયા ૨,૪૨,૦૦૦/- ભરાવડાવી છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.બી.બારડ ચલાવે છે.

## દુષ્પ્રેરણની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૨૨૭૮/૧૬

**રાણીપઃ** રમેશભાઇ ડાહ્યાભાઇ સોલંકી (રહે. ગામ કરમસદ સોમાકાકાની ચાલી તા.જી. આણંદ) એ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પોતાની પુત્રી મિત્તલ (ઉ.વ.૨૨) ને તેનો પતિ પાર્થ સુરેશભાઇ વાઘેલા (રહે.શ્રી રામ નિવાસ યુકો બેંકની બાજુમાં રાણીપ) અને સાસરીયાના સભ્યો શારીરીક અને માનસીક ત્રાસ આપતા હોઈ મિત્તલે તા.૭/૧૨/૧૬ કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે સાસરીમાં ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.બી.પટેલ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૨૭૯/૧૬**

**નિકોલઃ** અમરતભાઇ ઇશ્વરભાઇ દેસાઇ (રહે.હીરાનગર તુલશીશ્યામ સોસાયટીની સામે વિરાટનગર રોડ નિકોલ) એ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૭/૧૨/૧૬ સાંજના ૭/૦૦ થી કલાક ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના કિમત રૂપિયા ૭,૨૦,૦૦૦/- મત્તાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી સી.બી.ગામીત ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૨૮૦/૧૬**

**માધવપુરાઃ** રીતુલ નરેન્દ્રભાઈ ગાંધી (રહે.વાસુપુજય સોસાયટી પાલડી) તા.૮/૧૨/૧૬ નારોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૬/૧૨/૧૬ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે માધવપુરા માર્કેટમા આવેલ વિક્રમ ટ્રાન્સપોર્ટ આગળ ડીલીવરી કરવા વાળા પેન્ડલવાળા ભાઈ સુરેન્દ્રભાઈ પેન્ડલ રિક્ષા ઉભી રાખી બીજા વેપારીનો માલ ઉતારવા ગયેલ દરમ્યાન પેન્ડલ રીક્ષામાંથી બ્રિસ્ટોલ સિગારેટના ૨૪૦૦ પેકેટ (કાર્ટુન-૨) કિમત રૂપિયા ૧,૦૫,૬૦૦/- મતાના અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી પ્રવિણસિંહ બળવંતસિંહ ચલાવે છે.

**નિકોલઃ** મધુબા દિલીપસિહ રાઠોડ (રહે.જયગૂરૂદેવ સોસાયટી માનવ આશ્રમ ચોકડી પાસે તા.જી.મહેસાણા) એ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૮/૧૨/૧૬ બપોરના ૨/૦૦ થી ૩/૦૦ વાગ્યા દરમ્યાન નિકોલ રીંગ રોડ રાસલીલા પાર્ટી પ્લોટ સામે પોતાની વેગન આર ગાડી પાર્ક કરી હતી. દરમ્યાન ગાડીનો દરવાજો ખોલી અજાણી વ્યક્તિ ગાડીમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૫૦,૦૦૦/-, લેડીઝ-જેન્ટસ કપડા કિમત રૂપિયા ૧૫,૦૦૦/-, અને રોકડ રૂપિયા ૬,૫૦૦/- મળી કુલ રૂપિયા ૭૧,૫૦૦/-મત્તા સાથેની બેગ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી બી.સી.છત્રાલીયા ચલાવે છે.

**ઈન્કમટેક્ષ અધિકારીની ઓળખ આપી પૈસા કઢાવી લીધાઃ-** **સમાચાર યાદી નં.૨૨૮૧/૧૬**

**કાલુપુરઃ** જગદિશભાઇ કાનાજી પ્રજાપતી (રહે. રાધે એપાર્ટમેન્ટ, લાખા પટેલની પોળ, શેઠની પોળ, માણેક ચોક, ખાડીયા) એ તા.૮/૧૨/૧૬ નારોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧/૧૦/૧૬ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે કાલુપુર દોશીવાડાની પોળ વ્રજ સ્વામી કોમ્પલેક્ષમાં આવેલ બી બાબુલાલની પેઢી ખાતે અજાણ્યો પુરૂષ આવી ઈન્કમટેક્ષ ઓફીસરની ઓળખ આપી આંગડીયા પેઢીની ફરીયાદ મળેલ છે તેમ કહી ડરાવી રૂપિયા ૧,૨૦,૦૦૦/- કઢાવી લઈ ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી ડી ઝીલરીયા ચલાવે છે.

**પર્સ/મંગળસુત્ર ઝુંટવી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૮૨/૧૬**

**ચાંદખેડાઃ** હંસાબહેન વા\ઓ જશવંતલાલ ઠક્કર (ઉ.વ.૫૦) (રહે.સંસ્કાર આર્કેડ માન સરોવર આઈ.ઓ.સી રોડ ચાંદખેડા) તા.૮/૧૨/૧૬ કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે ચાંદખેડા બસ સ્ટેન્ડ સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ (૨૫ થી ૩૦ વર્ષના આશરાના) બે પુરૂષ હંસાબહેન ઠક્કરના ગળામાંથી સોનાનુ મંગળસુત્ર કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- અને જમણા કાનની સોનાની કડી કિંમત રૂપિયા ૨,૭૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ હંસાબહેન ઠક્કરે ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.બી.ચાવડા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**સેટેલાઈટઃ** હુલાશબહેન વા/ઓ ચંદુભાઇ કણસાગરા (ઉ.વ.૪૫) (રહે. તુલીપસિતાડેલ શ્રેયસ ફાઉન્ડેશન પાસે આંબાવડી) તા.૮/૧૨/૧૬ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે ધરણીધર બ્રીજ પાસે શ્રેયસ ફાઉન્ડેશન તરફ જતા રોડ ઉપર પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ હુલાશબહેન કણસાગરાના હાથમાંથી પર્સ ઝુટવી લઈ નાસી ગયા હતા. આ પર્સમાં સોનાના દાગીના, મોબાઇલ ફોન, જરૂરી દસ્તાવેજ અને રોકડ રૂપિયા ૩૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૪૧,૦૦૦/- મતા હતી. આ અંગેની ફરીયાદ હુલાશબહેન કણસાગરાએ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ યુ મસી ચલાવે છે.

**છઠ્ઠા માળેથી પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૨૮૩/૧૬**

**સોલા હાઈકોર્ટઃ** સોલા હાઈકોર્ટ ભાગવત મંદિરની બાજુમા સુદર્શન સ્ટેટસની નવી બનતી સાઇટ ઉપર રહેતા અને ત્યા જ સાઈટ ઉપર કામ કરતા સુરેશભાઇ અભેસિંગ પટેલ તા.૭/૧૨/૧૬ કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે સાઈટ ઉપર છઠ્ઠા માળે કામ કરતા હતા ત્યારે બીમ્બ ભરવાનુ પાટીયુ ખસી જતા છઠ્ઠા માળેથી નીચે પટકાઈ જતા માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા સિમ્સ હોસ્પીટલમાં લઈ જતા સારવાર દરમ્યાન તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમણજી રામાજી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૨૮૪/૧૬**

**રામોલઃ** ગીતાબહેન વા/ઓ સુરેશભાઈ પંચાલ (ઉ.વ.૩૮) (રહે. ધારા કોલોની, ૮૦ ફુટ રોડ, મહાદેવનગર, વસ્ત્રાલ) એ કોઇ કારણોસર તા.૮/૧૨/૧૬ કલાક ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી પી ડી સોલંકી ચલાવે છે.

**ખોખરાઃ** દિનેશભાઈ ભવરલાલજી વ્યાસ (ઉ.વ.૫૦) (રહે. રૂષીકેશનગર ખોખરા) એ માનસીક બિમારીથી કંટાળી તા.૮/૧૨/૧૬ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે દોરી વડે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ ખોખરા પોલીસ ચલાવે છે.

**સોલા હાઈકોર્ટઃ** ભાવેશ સ/ઓ દિલીપભાઇ દરજી (રહે. શક્તીનગર સોસાયટી ચાંદલોડીયા) એ અગમ્ય કારણસર તા.૮/૧૨/૧૬ સાંજના ૭/૫૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમણજી રામાજી ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)